Jai Hind. Ahmedabad. 13-6-66.

~~Surendranagar~~

1995

M.L.A. from Rajkot Sri Babubhai Vaidya and his son Atul ~~was~~ were beaten up at Viramgam station by the railway police when Babubhai refused to vacate a compartment he had occupied and which the police said was reserved.

Sri Babubhai Vaidya & Atul were arrested by the railway police and let off on bail.

Babubhai was treated for his injuries at Surendranagar.

Jai Hind Ahmedabad 13-6-64.

# ધારાસભ્ય શ્રી. બાબુભાઈ વૈદને રેલ્વે પોલીસ દ્વારા પડેલો માર

## ધરપકડ અને જામીન પર છુટકારો

સુરેન્દ્રનગર તા. ૧૨

રાજકોટના જાણીતા ધારાસભ્ય શ્રી. બાબુભાઈ વૈદ્ય તથા તેમના પુત્ર અતુલને વીરમગામની રેલ્વે પોલિસ દ્વારા માર પડ્યો હોવાની હકીકત અત્રે જાણવા મળે છે. કહે છે કે, એક પોલિસે શ્રી. વૈદ્યને હાથ ઝાલી હેઠળ ઉતારી "ધારા સભ્ય હોય તો તારા ઘરનો" એમ કહી માર મારતાં ભારે ચકચાર જાગી છે.

આ અંગે હકીકત એવી છે કે ધારાસભ્ય શ્રી. બાબુભાઈ વૈદ તેમના પત્ની, પિતા તથા દિકરા અતુલ સાથે રેલ્વેના પ્રથમ વર્ગમાં પ્રવાસ કરી રહ્યા હતા. શ્રી. વૈદ તેમના કુટુંબ સાથે મુંબઈથી વીરમગામ આવ્યા અને રેલ્વે એટેન્ડન્ટના કમ્પાર્ટમેન્ટમાં બેઠા હતા. ત્યારે આ બનાવ બનેલ છે.

આ પછી જ્યારે તેઓ ગાડીમાં બેસવા ગયા અને એ વેળા ટિકિટ ચેકીંગ ચાલતું હતું તે દરમિયાન હાજર રહેલ. રેલ્વે પોલિસ સાથે શ્રી. વૈદને બોલાચાલી થવા પામી હતી.

શ્રી. બાબુભાઈને માર પડતાં તેના પુત્ર અતુલથી ન જોવાતાં તેણે પોલિસને રોકવા પ્રયાસ કરેલ પણ ચાર કોન્સટેબલ તથા ૧૦ કુલી જેટલા શખ્સોએ શ્રી. બાબુભાઈ વૈદ્ય તથા તેમના પુત્ર અતુલને માર મારી ખમીસ તથા કપડાં ફાડી નાંખ્યા હતા ને તેમની ધરપકડ કરી પોલિસ સ્ટેશને લઈ ગયા હતા.

શ્રી. બાબુભાઈ વૈદ્ય પોતે ધારા સભ્ય હોઈ કાયદાની રૂએ ધરપકડ ન થાય, તેમ જણાવી પકડવા માટેનો મેમો બતાવવા જણાવ્યું હતું. કોન્સ-ટેબલે કંઈ જ સાંભળવાની ના પાડીને જણાવ્યું હતું કે, ધારા સભ્ય હોય તો "તમારા ઘરના"

આ પછી શ્રી. બાબુભાઈ વૈદ્ય તથા તેમના પુત્રના વિરમગામ સ્ટેશને જામીન મગાયા હતા જે આપીને શ્રી. વૈદ્ય વિરમગામમાં પ્રાથમિક સારવાર મેળવ્યા બાદ સુરેન્દ્રનગર આવ્યા હતા ને ત્યાંથી ખાનગી મોટ-રમાં રાજકોટ જવા ઉપડી ગયા છે.